NCS Code: NA, CCode: ED004

# શૈક્ષણિક સંશોધક (એકેડેમીક રીસર્ચ)

શૈક્ષણિક સંશોધકો (એકેડમિક રિસર્ચર્સ) એવા તજજ્ઞો છે જેઓ મૂળ, ઉચ્ચ-સ્તરીય સંશોધન કાર્ય હાથ ધરે છે જે નવા જ્ઞાનનું સર્જન કરે છે અને વર્તમાન સમજણને આગળ ધપાવે છે. પોતાના કુશળતાના ક્ષેત્રો ઉપરાંત, સંશોધકો ડેટા એકત્રિત કરવા અને તેમના તારણો પ્રકાશિત કરવા માટે, હેતુલક્ષી અભિગમોનો ઉપયોગ કરે છે. એક શૈક્ષણિક સંશોધક તરીકે તમે અભ્યાસ અને સંશોધન દ્વારા વિકસિત તમારી વિદ્વતા અને કૌશલ્યોનો ઉપયોગ કરશો.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમને વસ્તુઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે આગવું લેખન કૌશલ્ય ધરાવો છે
- તમે મુદ્દાઓ વિશે ચર્ચા કરવાનું પસંદ કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. તમારી પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી તે જ અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. સમાન અથવા સંબંધિત વિષયમાં Ph.D પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક શિક્ષકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૮,૩૩૩ થી ૪૯,૧૬૭*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.ambitionbox.com/profile/academic-researcher-salary

NCS Code: NA, CCode: ED004

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** જાહેર અને ખાનગી યુનિવર્સિટીઓ, ઉચ્ચ શિક્ષણ પુરુ પાડતી શૈક્ષણિક સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારી પાસે યુનિવર્સિટીઓમાં ફક્ત સંશોધન કાર્ય કરાવાની જવાબદારી હોઈ શકે છે, અથવા તમે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ભણાવવાનું તેમજ તેમનો પરામર્શ કરવાની સેવા આપવાનું પસંદ કરી શકો છો. કામકાજના કલાકો નિશ્ચિત છે અને પૂર્ણ સમય અને અંશકાલિક બંને કામ માટે અવકાશ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર રિસર્ચર → સિનિયર રિસર્ચર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.**

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી, ગાંધીનગર
૨. આઈ.સી.એ.આર., ગાંધીનગર
૩. સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર
૪. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૫. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૬. સેન્ટ્રલ યુનિવર્સિટી, કર્ણાટક
૭. અલ્હાબાદ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પીડીઈયુ, ગાંધીનગર
૨. કાઝીરંગા યુનિવર્સિટી, આસામ
૩. કે.કે. યુનિવર્સિટી, બિહાર
૪. અમદાવાદ યુનિવર્સિટી, ગુજરાત
૫. એમિટી યુનિવર્સિટી, હરિયાણા
૬. ઝારખંડ યુનિવર્સિટી, રાંચી
૭. સંદીપ યુનિવર્સિટી, નાસિક
૮. ઝેવિયર યુનિવર્સિટી, ભુવનેશ્વર, ઓરિસ્સા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વેંકટ પદ્મનાભન** બેંગલુરુમાં માઈક્રોસોફ્ટ રિસર્ચ, ઈન્ડિયામાં ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર છે. પહેલા તેઓ લગભગ ૯ વર્ષ સુધી માઈક્રોસોફ્ટ રિસર્ચ રેડમન્ડ, યુ.એસ.એ. સાથે હતા. વેંકટ નેટવર્ક અને મોબાઈલ સિસ્ટમ્સમાં સંશોધન રુચિ ધરાવે છે, અને વર્ષોથી તેમના કાર્યને કારણે તેમના સંશોધન પત્રોની ખૂબ જ નોંધ લેવામાં આવી છે, તેમના સંશોધન પત્રોને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે તેમજ તેમના સંશોધન કાર્યએ માઈક્રોસોફ્ટ સહિત સમગ્ર ઉદ્યોગમાં ટેક્નોલોજી ટ્રાન્સફરને જન્મ આપ્યો છે. તેમને ૨૦૧૬માં શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર, ૨૦૧૬ અને ૨૦૧૯માં એ.સી.એમ. સિગ્મોબાઈલ ટેસ્ટ-ઓફ-ટાઈમ પેપર એવોર્ડ અને ૨૦૧૯માં એ.સી.એમ. સેન્સિસ ટેસ્ટ-ઓફ-ટાઈમ પેપર એવોર્ડ પ્રાપ્ત કર્યા છે.*

સ્રોત:https://signalprocessingsoci[a]y.org/newsl[a]ter/2020/09/interview-venkat-padmanabhan-deputy-managing-director-microsoft-research-india\

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એકેડમિક રિસર્ચર, ફ્રેશ એકેડમિક રિસર્ચર, એકેડમિક કન્ટેટ રાઈટર